

ગિજુભાઈની સ્મૃતિમાં કલ્લોલ કરતું બાલમંદિર. મોટી મૂછ, ગોળ ચશ્માં, લાંબો કોટ... ગિજુભાઈની હતી આગવી ઓળખ.

# મુછાળી માની હંમેશાં ઋણી રહેશે બાળકેળવણી...

'બાલ દેવો ભવ:' એમનો સિદ્ધાંત હતો, તો રમકડાં, રમત, વાર્તા, અભિનય હતાં એમનાં કેળવણીનાં માધ્યમ. ૧૮૦ પુસ્તકોના લેખક, અનેક કેળવણીકારોના ગુરુ અને નવી શિક્ષણનીતિમાં પણ જેમના પ્રયોગોનો સ્વીકાર થયો છે એ ગિજુભાઈ બધેકા આજેય જીવંત છે અનેક સંસ્થા સ્વરૂપે.

જયેશ દવે (ભાવનગર)

ભાર વગરનું ભણતર, દફતર વગરનો દિવસ, પરીક્ષા નહીં... પણ મૂલ્યાંકન, બાળકને ગમે તેવી નિશાળ... આ અને આવી વિવિધ કલ્પના અને એના પર અમલમાં આવેલી અમુક યોજના ચર્ચામાં છે અને સરકાર પણ એના અમલ માટે પ્રયત્નશીલ છે. સરકારી રાહે આ કામ કદાચ નવું છે, પરંતુ ગુજરાતના એક ખૂણે ૧૦૩ વર્ષ પહેલાં આ કેળવણી પદ્ધતિનાં બીજ રોપાયાં હતાં. હા, નવી શિક્ષણ પદ્ધતિની વાત હોય કે રાષ્ટ્રીય શિક્ષણનીતિની બાબત, એનાં મૂળ ભાવનગરના એક બાલમંદિરમાં રહેલાં છે. એનું નામ: *દક્ષિણામૂર્તિ બાલમંદિર.*

૧૯૨૦માં શરૂ થયેલું આ બાલમંદિર ખરા અર્થમાં બાળકનું ઘડતર કરતી બાલશાળા હતી. એ સમયનાં બાળમાનસને સમજી કેળવણીનું કામ કરનારી આ પ્રથમ જ નહીં, પરંતુ શ્રેષ્ઠ સંસ્થા હતી. એ કેળવણીનો પાયો નાખ્યો ગિજુભાઈ બધેકાએ. આખું ગુજરાત અને દુનિયાભરમાં વસતા ગુજરાતીઓ જેમને *મુછાળી મા* તરીકે ઓળખે છે એ ગિજુભાઈ.

ગિજુભાઈના પિતા વકીલ, માતા ગૃહિણી અને મામા સ્ટેશન માસ્ટર. વલભીપુર-વળામાં રહેતા ભગવાનજીભાઈ બધેકા અને કાશીબહેનને ત્યાં ૧૫ નવેમ્બર, ૧૮૮૫માં જન્મેલ ગિરજો ઉર્ફે ગિરજાશંકર પણ શરૂઆતમાં પિતાની જેમ વકીલાત કરતા હતા, પરંતુ કુદરત એમને ન્યાયમંદિરને બદલે વિદ્યામંદિર તરફ લઈ જવા માગતી હતી.

ગિજુભાઈનાં દોહિત્રી અને છેલ્લાં ૩૦ વર્ષથી શિક્ષણમાં વિવિધ કામ કરી રહેલાં અમદાવાદસ્થિત મમતાબહેન પંડ્યા *ચિત્રલેખા*ને કહે છે: 'મારા નાનાને હું રૂબરૂ તો મળી શકી નથી, પરંતુ એમનાં બધાં જ પુસ્તકો વાંચ્યાં છે. ટેકરીવાળા બાલમંદિરની તળેટીમાં આવેલા એમના ઘરે વૅકેશનમાં જઈને ખૂબ મજા કરી છે. વાર્તાઓ દ્વારા, રમતો દ્વારા અને બાળક સાથે એની જેવા જ બનીને કેળવણીનું કામ કેવી રીતે થઈ શકે એ પ્રયોગો નાના એટલે કે ગિજુભાઈ ઘરમાં પણ કરતા અને એ વાતો મારી માતા કહે ત્યારે થાય કે કેળવણીનું આવું અદ્ભુત કામ આવા

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન




'અધ્યાપન મંદિર'ના વિદ્યાર્થીઓ સાથે ગિજુભાઈ. અહીં નજરે પડતું એમનું સ્મારક આજે પણ ખરી કેળવણીનું મૂલ્ય સમજાવે છે.

ભેખધારી જ કરી શકે!'

નાનાના પગલે ચાલવા પ્રયત્નશીલ મમતાબહેને સો જેટલાં પુસ્તકો લખ્યાં છે અને ગિજુભાઈ બધેકા વિશે વેબસાઈટ ડેવલપ કરી છે. આ વેબસાઈટ પર ગિજુભાઈ બધેકાની જીવનયાત્રા, પરિવાર, એમની કારકિર્દી સહિત તમામ માહિતી ઉપલબ્ધ છે.

કેળવણી ક્ષેત્રે સંકળાયા એ પહેલાંની ૨૬ વર્ષની જીવનયાત્રા દરમિયાન વલભીપુર, ભાવનગર, મુંબઈમાં અભ્યાસ, આર્થિક ઉપાર્જન માટે મુંબઈ, પૂર્વ આફ્રિકા, વઢવાણમાં કામ, નાની વયે પારિવારિક જવાબદારી... આ બધા ઘટનાક્રમ વચ્ચે ગિરજાશંકર ઉર્ફે ગિજુભાઈ ૧૯૧૧માં વઢવાણ-સુરેન્દ્રનગર કેમ્પમાં પ્લીડર તરીકે ઠરીઠામ થવા લાગ્યા હતા. એમની પાસે શિક્ષણ પદ્ધતિ સામેની પીડા, ખૂબ બધું વાંચન, ભાવનગર-મુંબઈ-આફ્રિકાના અનુભવો હતાં. સાથે ભાવનગર જેમને ત્યાં રહીને ભણ્યા એ મામા હરગોવિંદભાઈ પંડ્યાની સાદગી, નિષ્ઠા, શિસ્તનો પ્રભાવ, વગેરેનું ભાથું હતું. આ એ સમય હતો જે ગિજુભાઈને *મુછાળી મા* બનવા તરફ લઈ જવાનો હતો.

ફેબ્રુઆરી, ૧૯૧૩માં પુત્ર નરેન્દ્ર (બચુભાઈ)નો જન્મ થયો. અહીંથી એક શિક્ષણવિદ, બાળકેળવણીકાર, લેખકનો પણ જન્મ થવાનાં બીજ રોપાયાં. શિક્ષિત જડીબહેન અને વકીલ ગિજુભાઈ જાગ્રત માતા-પિતા તરીકે નરેન્દ્રના શિક્ષણ અંગે ચિંતિત હતાં. એમણે એ સમયની પ્રચલિત શિક્ષણ પદ્ધતિના સંભવિત વિકલ્પો, પદ્ધતિ અંગે વાંચન અને શોધ શરૂ કરી.

આ શોધ દરમિયાન એમને મોતીભાઈ અમીને મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિ વિશેનું પુસ્તક આપ્યું. આ પુસ્તકમાં જે વાંચ્યું એના પ્રયોગો એમણે પોતાના પુત્ર સાથેના વ્યવહારમાં શરૂ કર્યા. સુંદર પરિણામ જોઈ ગિજુભાઈને થયું, શિક્ષણ આ જ રીતે હોઈ શકે.

આ દરમિયાન ગિજુભાઈના મામા એટલે કે હરગોવિંદભાઈ પંડ્યા અને એ સમયે *શામળદાસ કૉલેજ*માં પ્રોફેસર એવા એમના ગુરુબંધુ નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટે (જે પછીથી *નાનાભાઈ* તરીકે જાણીતા થયા) ભાવનગરમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે ૨૮ ડિસેમ્બર, ૧૯૧૦માં એક છાત્રાલય શરૂ કર્યું. દક્ષિણામૂર્તિ દેવના નામ પરથી એનું *દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન* એવું નામકરણ થયું.

નાથુરામ શર્માના આશીર્વાદ સાથે શરૂ થયેલા આ વિદ્યાર્થી ભવનનો ઉદ્દેશ માત્ર રહેવા અને જમવાની વ્યવસ્થા આપવાનો નહીં, પરંતુ યુવા પેઢીમાં સંસ્કારોનું સંવર્ધન કરવાનો પણ હતો. નાનાભાઈ ભટ્ટ ભણાવવાનું છોડી વિદ્યાર્થી ભવનના વિકાસ અને વ્યવસ્થામાં સમર્પિત થયા. આ સંસ્થાનું બંધારણ તૈયાર કરવા માટે વકીલની જરૂર ઊભી થઈ એટલે હરગોવિંદભાઈએ ભાણેજ ગિજુભાઈને આ માટે કહેણ મોકલ્યું. સંસ્થાનું બંધારણ તૈયાર થઈ ગયું અને સપ્ટેમ્બર, ૧૯૧૫થી ગિજુભાઈ સંસ્થાના કાનૂની સલાહકાર બન્યા.

છેવટે ૧૩ નવેમ્બર, ૧૯૧૬ના રોજ ગિજુભાઈ પોતાની પ્રેક્ટિસ છોડી *દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન*માં સહાયક વૉર્ડન તરીકે જોડાયા. ૩૨ વર્ષની વયે એ પરિવાર સાથે ભાવનગર રહેવા આવ્યા. સહાયક વૉર્ડન તરીકે આખો દિવસ

## નવી શિક્ષણનીતિમાં છે ગિજુભાઈની છાપ...

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી નવી શિક્ષણનીતિમાં ફાઉન્ડેશન લર્નિંગ અભ્યાસક્રમમાં ગિજુભાઈના સિદ્ધાંતોને આવરી લેવાયા છે. ગુજરાત સરકારે ૧૫ નવેમ્બર-ગિજુભાઈના જન્મદિવસને *બાળવાર્તા દિન* તરીકે ઘોષિત કર્યો છે તો *ચિલ્ડ્રન યુનિવર્સિટી*માં *ગિજુભાઈ ચૅર* શરૂ કરવામાં આવી છે.

દેશભરનાં બાલમંદિરોમાંથી શ્રેષ્ઠ બાલમંદિરને *ગિજુભાઈ બધેકા શ્રેષ્ઠ બાલવાટિકા એવૉર્ડ* પણ એનાયત થાય છે, તો દેશમાંથી શ્રેષ્ઠ પૂર્વ પ્રાથમિક શિક્ષકને પસંદ કરી *બાલગુરુ એવૉર્ડ* પણ ગિજુભાઈ બધેકાના નામે આપવામાં આવે છે. *ગિજુભાઈ બધેકા મેમોરિયલ* માટે પણ ગુજરાત સરકારે રકમ ફાળવી છે. મધ્ય પ્રદેશમાં સુદ્ધાં ગિજુભાઈના જ કેળવણીના સિદ્ધાંતો સાથે *આનંદ ઘર* એવી સંકલ્પના સાથે ૧૧૦૦થી વધુ શિક્ષકો કામ કરી રહ્યા છે. આ રીતે ગિજુભાઈની કેળવણી કોઈ ને કોઈ સ્વરૂપે ધબકી રહી છે અને ધબકતી રહેશે.

ગિજુભાઈના જીવનકાર્યની વિગતો અહીંપણ ઉપલબ્ધ છે: https://www.gijubhaibadheka.in

વિદ્યાર્થી ભવનમાં વિદ્યાર્થીઓ સાથે અને મોડી રાત સુધી શિક્ષણ અંગેનું વાંચન એ ગિજુભાઈનો ક્રમ રહેતો.

*દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન*માં સંસ્કાર સિંચનનું કામ તો થતું જ, પરંતુ વિદ્યાર્થીઓ જ્યાં ભણતા હતા એ બધી શાળામાં તો પરંપરાગત શિક્ષણ પદ્ધતિ જ અમલમાં હતી. એમાં ખરા અર્થમાં બદલાવ લાવવો હોય તો શિક્ષણ ક્ષેત્રે કામ કરવું પડશે એ વિચાર સાથે નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈએ ૧ જૂન, ૧૯૧૮ના રોજ *કુમાર મંદિર* શરૂ કર્યું. ગિજુભાઈ બન્યા આ શાળાના મુખ્ય શિક્ષક. મોટી મૂછો, ગોળ ચશ્માં, લાંબો કોટ, સંપૂર્ણ લંબાઈની ધોતી સાથે ગિજુભાઈ અલગ તરી આવતા હતા.

પછી તો ગિજુભાઈ વિદ્યાર્થીઓને શીખવવામાં અને પોતે જાણેલા-વાંચેલા પ્રયોગો અજમાવવામાં ડૂબી ગયા. પુસ્તકો કરતાં એમનું આચરણ અને વ્યવહાર વિદ્યાર્થીઓને શીખવી રહ્યાં હતાં. *કુમાર મંદિર* પછી વર્ગો વધતા ગયા અને *દક્ષિણામૂર્તિ વિનય મંદિર* નામ સાથે આ શાળાનું વિસ્તૃતીકરણ થયું. ગિજુભાઈની શિક્ષણ અને વહીવટની જવાબદારી પણ વધી. આ દરમિયાન પરિવારમાં દીકરીઓના જન્મ સાથે એ જવાબદારી પણ વધી. જો કે કેળવણીનું કામ તો શાળા અને ઘરમાં બન્ને સ્થળે ચાલતું રહેતું.

પરિણામ મળતું હતું, પરંતુ ગિજુભાઈને લાગતું કે આ કામ છોડનાં પાંદડે પાણી પાવા જેવું છે. જરૂર તો મૂળને પાણી પાવાની છે. બાળકની કેળવણી જો બાળપણથી શરૂ થશે તો જ સાચી કેળવણીનું કામ થશે. બાલશાળા એટલે કે બાલમંદિર શરૂ કરવાનો ગિજુભાઈનો નિર્ણય બાળકેળવણી માટે નવો સૂર્યોદય હતો.

૧ ઓગસ્ટ, ૧૯૨૦ના રોજ *દક્ષિણામૂર્તિ બાલમંદિર*નો પ્રારંભ થયો. મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિને પાયામાં રાખી રમકડાં, રમત, વાર્તા, ગીત, અભિનય અને મુક્ત વાતાવરણ આ કેળવણીનો પાયો હતો. *સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રૂમઝૂમ...*ના આ સમયમાં આ કંઈક નવું હતું, જે આજે સર્વગ્રાહી સ્વરૂપે સ્વીકારાયું છે.


પહેલાં જ્યાં બાલમંદિર હતું ત્યાંથી ૪ મે, ૧૯૨૨ના દિવસે નયનરમ્ય ટેકરી પર કસ્તુરબા ગાંધીના હસ્તે આ બાલમંદિરનું સ્થળાંતર સાથે લોકાર્પણ થયું. એ ગિજુભાઈની કર્મભૂમિ અને તળેટીમાં જ એમનું નિવાસસ્થાન. નાનાભાઈ ભટ્ટે કહ્યું હતું કે *મેં આ સંસ્થાનો દેહ બનાવ્યો અને ગિજુભાઈએ પ્રાણ પૂર્યા!* ગાંધીજીએ કહ્યું હતું કે *ગિજુભાઈએ કરેલું કામ એક દિવસ ઊગી નીકળવાનું છે...* અને આખરે હવે એ ઊગી નીકળ્યું છે.

નાનાભાઈ ભટ્ટના પુત્ર અને *દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન*ના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રશાંતભાઈ ભટ્ટ *ચિત્રલેખા*ને કહે છે: 'વિશ્વઆખું મૅડમ મોન્ટેસોરીને બાળકેળવણીનાં પ્રણેતા તરીકે ઓળખે છે, પરંતુ ગિજુભાઈએ આ કેળવણી પદ્ધતિના ભારતીયકરણ અને મૌલિક સુધારા-વધારા સાથે જે નવું સ્વરૂપ આપ્યું એ અદ્ભુત છે. *બાળકને ડરાવશો નહીં, એને વઢશો નહીં, એની પાસે ખોટું ન બોલો, એને સમ્માન આપો, ખીલવા દો, બાળક ભગવાનનું સ્વરૂપ છે...* આ બધા ગિજુભાઈના સિદ્ધાંત હતા. અત્યારે અહીં બાલમંદિરમાં કેટલાક પરિવારની ચોથી-પાંચમી પેઢી ભણવા આવે છે. એમનાં દાદા-દાદી પોતાનાં અહીંનાં બાળપણની વાતો હોંશે હોંશે કરે છે. મારા પિતા એટલે કે



રમકડાં, રમત, વાર્તા, ગીત, અભિનય અને મુક્ત વાતાવરણ: **મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિને પાયામાં રાખી થાય છે બાળકોનું ઘડતર.**





નાનાભાઈ મૅડમ મોન્ટેસોરીને રૂબરૂ મળેલા ત્યારે કહેલું: *મૅડમ, ગિજુભાઈ દ્વારા ભારતને તમારો પરિચય થયો છે!'*

*દક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિર*ના વિપુલભાઈ વ્યાસ કહે છે કે બાલમંદિર પછીનાં પાંચ વર્ષમાં જ બાળકોને ખરી કેળવણી આપતા શિક્ષકો તૈયાર કરવા માટે ૧૯૨૫માં *અધ્યાપન મંદિર*ની સ્થાપના થઈ. ગિજુભાઈ એના આચાર્ય અને તારાબહેન મોડક ઉપાચાર્ય. અત્યાર સુધીમાં ૬૧૦૦થી વધુ શિક્ષકોએ અહીં તાલીમ મેળવી છે. હવે નવી શિક્ષણ પદ્ધતિ મુજબ ફાઉન્ડેશન લર્નિંગની તાલીમ આપવામાં આવે છે.

*અધ્યાપન મંદિર*ના હરેશભાઈ પંડ્યા કહે છે: 'અહીં મુલાકાતે આવેલા કેળવણીકારો, ચિંતકો, શિક્ષકો કહેતા હોય છે કે આ એક સંસ્થાની મુલાકાત લઈએ ત્યારે ખરી કેળવણી અને ખરું શિક્ષણ શું એ સમજાઈ જાય. નવી શિક્ષણનીતિ તૈયાર કરવા સમયે આવેલા તજજ્ઞોએ કહ્યું હતું કે બાળકો માટે આ જ જરૂરી છે અને ૧૦૩ વર્ષ પહેલાં આ કામ અહીં શરૂ થયેલું એ બહુ જ મોટી બાબત છે.'

અહીં ગિજુભાઈ પાસે તાલીમ મેળવી અનેક લોકો પોતાના વિસ્તારમાં આ નૂતન બાળકેળવણીનું કામ કરવા લાગ્યા. જુગતરામ દવેએ વેડછી આસપાસના આદિવાસી વિસ્તારમાં કામ શરૂ કર્યું તો અમદાવાદમાં *શારદા મંદિર સંસ્થા*માં વજુભાઈ દવેએ આ કેળવણી આરંભી. મધ્ય પ્રદેશમાં કાશીનાથ દ્વિવેદીએ અને મહારાષ્ટ્રમાં શેષ નાયાલેજીએ બાળકેળવણીની આ આહ્લેક જગાવી. સૌથી વધુ ઉલ્લેખનીય કામ કર્યું તારાબહેન મોડકે.

મૂળ મુંબઈનાં અને પોતાની નોકરી છોડી બાળકેળવણીનું કામ કરવા ગિજુભાઈ સાથે જોડાયાં અને *દક્ષિણામૂર્તિ*માં તો ઉત્તમ કામ કર્યું જ, એ પછી મહારાષ્ટ્રમાં પણ ગિજુભાઈ જેવું જ કામ કર્યું. ઉલ્લેખનીય છે કે ગિજુભાઈ બધેકાનાં બાળવાર્તાનાં તમામ પુસ્તકોમાં તારાબહેન મોડકનું નામ સંયુક્તપણે છે. તારાબહેનનાં કેળવણી ક્ષેત્રનાં કામની આ સાબિતી છે. મહારાષ્ટ્રમાં શિક્ષણ ક્ષેત્રે આપેલા પ્રદાન માટે તારાબહેનને *પદ્મભૂષણ* ઍવૉર્ડથી સમ્માનિત કરવામાં આવેલાં એ ખુશીની વાત છે, પરંતુ કમનસીબે એમના ગુરુ ગિજુભાઈ બધેકાને સમ્માનિત કરવાનું રહી ગયું છે.

વિદ્યાર્થી ભવનના ટ્રસ્ટી ડૉ. ધીરેન્દ્ર મુની *ચિત્રલેખા*ને કહે છે: '*દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન* એ પુણ્યશ્લોક મહાત્માઓએ વાવેલો વડલો છે. ઉતાર-ચડાવ વચ્ચે ગિજુભાઈ, હરભાઈ ત્રિવેદી સંસ્થામાંથી છૂટા થયા પછી કેટલીક સંસ્થાઓ બંધ થઈ. ૧૯૫૦માં સંસ્થાનું પુનરુત્થાન થયું. મનુભાઈ પંચોળી, તારાબહેન મોડક, જાદવજીભાઈ મોદી સહિતનાં ટ્રસ્ટી બન્યાં. ગિજુભાઈનાં પુત્ર અને પુત્રવધૂ નરેન્દ્રભાઈ-વિમુબહેને શિક્ષણની જવાબદારી સંભાળી અને ત્યારથી ફરી ચેતનવંતા થયેલા વિભાગો આજે પણ જીવંત છે. ૨૩ જૂન, ૧૯૩૯ના રોજ બાળકોના આ *મુછાળી મા*, બાળકેળવણીના ઘડવૈયા, ૧૮૦ પુસ્તકોના લેખક, વાર્તાકાર એવા ગિજુભાઈનું અવસાન થયું. ૩૨ વર્ષની ઉંમરે શિક્ષણમાં પ્રવેશ અને ૫૪ વર્ષની વયે દેહત્યાગ. આ ટૂંકા સમયમાં બાળકેળવણી માટે એમણે જે કર્યું એ ક્યારેય ભૂલી શકાય એવું નથી.'

મૃત્યુનાં ૮૪ વર્ષ પછી પણ એમનું કાર્ય હજી ભુલાયું નથી એનું એક ઉદાહરણ છે આ ૨૦-૨૧ ડિસેમ્બરે *દક્ષિણામૂર્તિ*માં યોજાનારું ભૂતપૂર્વ છાત્રો તથા શિક્ષકોનું સંમેલન. □

તસવીરો: **અમુલ પરમાર**